eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 345
December 27, 2013

## પૂર્વ (વરાછા) ઝોનમાં આવેલ સીમાડા વિસ્તારમાં મેગા ડિમોલીશનની કામગીરી બાબત :–

પૂર્વ(વરાછા) ઝોનમાં સમાવિષ્ટ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૮ (પુણા–સીમાડા)માં આવેલ સૂચિત ૪૫.૦૦મી.ના ટી.પી. રસ્તાને બી.આર.ટી.એસ. રૂટ તરીકે ડેવલોપ કરવાની કામગીરી પ્રગતિમાં છે. સદર ૪૫.૦૦ મી.ના ટી.પી. રસ્તાની શુભમ પાર્ક તથા સ્વાગત સોસાયટીના કેટલાક મકાનોને અસર થતી હોય, તેવા મકાનો દુર કરવાની કામગીરી આજરોજ પૂર્વ (વરાછા) ઝોનના શહેરી વિકાસ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ. ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારમાં તા. ૨૦/૧૨/૨૦૧૩ ના રોજની કામગીરી બાબત :–

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારમાં તા. ૨૦/૧૨/૨૦૧૩ ના રોજ ટી.પી. સ્કીમ નં. ૨ (વેસુ–ભરથાણા–વેસુ) ના ફા.પ્લોટ નં. ૭૭ ના ડેવલોપર દ્વારા વગર પરવાનગીએ પાણીની લાઈન અર્થે રસ્તા ખોદાણ કરી દીધેલ. જે અંગે ડેવલોપર પાસેથી અત્રેથી પેનલ્ટી પેટે વહીવટી ચાર્જ ખાતે કુલ રૂા. ૧૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. સદરહુ કામગીરી સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન દ્વારા કરવામાં આવેલ છે...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના મેયરશ્રીના અધ્યક્ષસ્થાને ટ્રાફીક સમસ્યા નિરાકરણની બેઠકઃ–

સુરત મહાનગરપાલિકાના મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના અધ્યક્ષસ્થાને વકરતા જતા ટ્રાફીકના પ્રશ્નો અને તેના નિરાકરણ માટેની તાકીદની બેઠક મળી હતી જેમાં પોલીસ કમિશ્નરશ્રી, મ્યુ.કમિશ્નરશ્રી, મા.મંત્રીશ્રી નાનુભાઈ વાનાણી, મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તથા ટોરેન્ટ પાવર, ગુજરાત ગેસ કંપની, આર.ટી.ઓ, દક્ષિણ ગુજરાત વીજ કંપની, બી.એસ.એન.એલ.,વિગેરે સંસ્થાના પ્રતિનિધિઓ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનનાં ગેરકાયદેસર બાંધકામ તોડી દુર કરવા બાબત :–

વોર્ડ નં.૨, નોંધ નં.૫૯૮ વાળી નવસારી બજાર, ભંડારીવાડમાં આવેલ મિલ્કતમાં સે.ઝોન/આ/નં.૨૯૦, તા.૦૬/૦૫/૧૨ થી આપવામાં આવેલ વિકાસ પરવાનગી વિરુધ્ધ મિલ્કતદાર શ્રી અશોકકુમાર જયંતિલાલ કડીયા ધ્વારા વધારાનાં ચોથા માળનું બાંધકામ કરતાં અત્રેથી અગાઉ તા.૧૦/૦૭/૧૩ના રોજ એન્ટ્રી નોટીસ આપી ચોથા માળનું આશરે ૯૦૦ ચો.ફુટ બાંધકામ તોડી દુર કરવામાં આવેલ. મિલ્કતદાર ધ્વારા ફરીથી ચોથા અને પાંચમાં માળે આશરે ૧૦૮૦ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલની સાથે વૈવિધ્ય સભર સાંસ્કૃતિક કાર્યક્રમ :–

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૪/૧૨/૨૦૧૩ થી તા.૩૧/૧૨/૨૦૧૩ દરમ્યાન દરરોજ રાત્રે ૭.૦૦ થી રાત્રે ૯.૩૦ કલાક દરમ્યાન પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલની સાથે શાળા–સંસ્થાઓનો વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કૃષ્ણકુંજ મ્યુનિસિપલ પાર્ટીપ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવેલ છે...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૩/૧૨/૨૦૧૩ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાના સુચના મુજબ, જુની.ઈજનેરો, શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગના સ્ટાફને સાથે રાખીને કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ (વરાછા)ઝોનમાં બરોડા પ્રિસ્ટેજ વિસ્તારમાં અનઅધિકૃત દબાણ હટાવ ઝુંબેશ :–

સુરત શહેર હદ વિસ્તારમાં પૂર્વ(વરાછા)ઝોન ખાતે આવેલ ટી.પી. સ્કીમ નં.૧૭(ફુલપાડા)ના વરાછા મેઈન રોડને અડીને આવેલ બરોડા પ્રિસ્ટેજના મુખ્ય રોડથી લઈ આંતરિક વિસ્તારના ટી.પી. તેમજ જાહેર રસ્તાઓ પર વર્ષોથી પાથરણાવાળા, બાંકડાવાળા, ઓટલા બનાવી મિલકતદારો દ્વારા ગેરકાયદેસર રસ્તાના ભાગે પ્રોજેકશન કાઢી, ફેબ્રીકેટેડ સ્ટ્રકચર બાંધી દબાણ ઉભુ કરી રાહદરીઓ તથા વાહન ચાલકોને નડરતરૂપ થતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર પાલિકાના સેન્ટ્રલ ઝોનના કાર્યક્ષેત્ર વિસ્તારમાં થયેલ વિવિધ ગેરકાયદેસર બાંધકામો અંગે આર્કિ./એન્જી.ને બજાવવામાં આવેલ કારણદર્શક નોટીસ બાબત :–

સુરત મહાનગર પાલિકાના સેન્ટ્રલ ઝોનના કાર્યક્ષેત્ર વિસ્તારમાં થયેલ વિવિધ ગેરકાયદેસર બાંધકામોમાં જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન્સ ની જોગવાઈ ૯.૩.૨(સી)ની જોગવાઈ મુજબ મંજુર પ્લાન મુજબ બાંધકામ કરવા/કરાવવાની જવાબદારી પ્લાન મંજૂર કરાવનારા સંબધિત આર્કિ./એન્જી. ની ફરજમાં આવે છે...

વધુ માટે કલીક કરો >>>>>>

## ખેલ મહાકુંભ–૨૦૧૩ ફાઈનલ સ્પર્ધામાં સમગ્ર રાજયમાં સુરતએ મેળવેલ ચેમ્પીયનશીપ :–

સ્પોર્ટસ્ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા સમગ્ર રાજયમાં "ખેલ મહાકુંભ ૨૦૧૩" અંતર્ગત તા.૨૩/૧૧/૨૦૧૩ થી તા.૨૩/૧૨/૨૦૧૩ દરમ્યાન શાળા કક્ષા, ગ્રામ્ય કક્ષા ઝોન કક્ષા, શહેર કક્ષા, જિલ્લા કક્ષા સેમી ફાઈનલ અને ફાઈનલની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ખેલ મહાકુંભ–૨૦૧૩ની ફાઈનલ સ્પર્ધાઓ અમદાવાદ અને ગાંધીનગર ખાતે તા.૨૨/૧૨/૨૦૧૩ થી તા.૨૩/૧૨/૨૦૧૩ દરમ્યાન યોજાયી હતી. જેમાં વિવિધ ગૃપમાં અન્ડર–૧૨ વર્ષ વયગૃપમાં બહેનોના વિભાગમાં ચેમ્પીયન શીપ મેળવી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં તા.૨૪/૧૨/૨૦૧૩ ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાના સુચના મુજબ, જુની.ઈજનેરો, શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગના સ્ટાફને સાથે રાખીને કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલનું આયોજન :–

સુરત મહાનગરપાલિકા ધ્વારા અઠવા ઝોનમાં કૃષ્ણકુંજ(અઠવા) મ્યુ. પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ ખાતે તા. ૨૪–૧૨–૨૦૧૩ થી તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધી પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં તા.૨૬/૧૨/૨૦૧૩ ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાના સુચના મુજબ, ડે.ઈજનેર તથા જુની.ઈજનેર શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગના સ્ટાફને સાથે રાખીને કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ વેસ્ટ (અઠવા)ઝોનની ડીમોલીશનની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં આજરોજ નીચે મુજબની ડીમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ (વરાછા) ઝોનમાં આવેલ સીમાડા વિસ્તારમાં મેગા ડિમોલીશનની કામગીરી બાબત :–

પૂર્વ(વરાછા) ઝોનમાં સમાવિષ્ટ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૮ (પુણા–સીમાડા)માં આવેલ સૂચિત ૪૫.૦૦મી.ના ટી.પી. રસ્તાને બી.આર.ટી.એસ. રૂટ તરીકે ડેવલોપ કરવાની કામગીરી પ્રગતિમાં છે. સદર ૪૫.૦૦ મી.ના ટી.પી. રસ્તાની શુભમ પાર્ક તથા સ્વાગત સોસાયટીના કેટલાક મકાનોને અસર થતી હોય, તેવા મકાનો દુર કરવાની કામગીરી આજરોજ પૂર્વ (વરાછા) ઝોનના શહેરી વિકાસ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ. સદર કામગીરી દરમ્યાન લોકટોળાઓ દ્વારા સ્થળ પર ઉમટી પડી સદર ડિમોલીશન અટકાવવા માટે મોટાપાયે અવરોધ ઉભો કરી વાતાવરણ ઉગ્ર બનાવેલ પરંતુ સ્થળ પર હાજર કાર્યપાલક ઈજનેરશ્રી આર.વી.ગામીત તથા અન્ય અધિકારીઓની સમજાવટથી મામલો થાળે પાડી ડિમોલીશનની કામગીરી ચાલુ રાખવામાં આવેલ તથા સ્થળ પર આશરે ૧૫૦૦ ચો.ફુટ જેટલું આર.સી.સી પાકા બાંધકામનું ડિમોલીશન કરી રસ્તા પૈકીનો ભાગ ખુલ્લો કરવામાં આવેલ. તે દરમ્યાન અસરગ્રસ્ત મકાન માલિકો તરફથી મકાનો ખાલી કરવા માટે સમયની માંગણી કરતાં તેઓ પાસે લેખિતમાં બાંહેધરી લઈ ડિમોલીશનની કામગીરી મુલત્વી રાખવામાં આવેલ. પરંતુ બી.આર.ટી.એસ રૂટની કામગીરી ખુબ જ અગત્યની કામગીરી હોય તેમજ અંતિમ તબકકામાં હોય, સ્થળ પર મુલત્વી રાખવામાં આવેલ કામગીરી મુદત વિત્યે ફરીથી ઘનિષ્ઠ રીતે હાથ ધરવામાં આવશે.

ઉપરોકત સમગ્ર કામગીરી દરમ્યાન ઉગ્ર વાતારણને શાંત પાડવા સ્થળ પર હાજર પોલીસ કર્મીઓ તથા સુરત મહાનગરપાલિકાના સીકયુરીટી સ્ટાફે સરાહનીય કામગીરી કરી હતી. સમગ્ર ડિમોલીશનની કામગીરી પૂર્વ(વરાછા) ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદશન હેઠળ જુદા–જુદા વિભાગના કર્મચારીઓ તથા અધિકારીશ્રીઓએ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ.

TOP

## સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારમાં તા. ૨૦/૧૨/૨૦૧૩ ના રોજની કામગીરી બાબત :–

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારમાં તા. ૨૦/૧૨/૨૦૧૩ ના રોજ ટી.પી. સ્કીમ નં. ૨ (વેસુ–ભરથાણા–વેસુ) ના ફા.પ્લોટ નં. ૭૭ ના ડેવલોપર દ્વારા વગર પરવાનગીએ પાણીની લાઈન અર્થે રસ્તા ખોદાણ કરી દીધેલ. જે અંગે ડેવલોપર પાસેથી અત્રેથી પેનલ્ટી પેટે વહીવટી ચાર્જ ખાતે કુલ રૂા. ૧૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. સદરહુ કામગીરી સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન દ્વારા કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકાના મેયરશ્રીના અધ્યક્ષસ્થાને ટ્રાફીક સમસ્યા નિરાકરણની બેઠકઃ–

સુરત મહાનગરપાલિકાના મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના અધ્યક્ષસ્થાને વકરતા જતા ટ્રાફીકના પ્રશ્નો અને તેના નિરાકરણ માટેની તાકીદની બેઠક મળી હતી જેમાં પોલીસ કમિશ્નરશ્રી, મ્યુ.કમિશ્નરશ્રી, મા.મંત્રીશ્રી નાનુભાઈ વાનાણી, મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તથા ટોરેન્ટ પાવર, ગુજરાત ગેસ કંપની, આર.ટી.ઓ, દક્ષિણ ગુજરાત વીજ કંપની, બી.એસ.એન.એલ.,વિગેરે સંસ્થાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતા.

ટ્રાફીક સમસ્યા, બીન અધિકૃત માર્ગોના દબાણો, પાર્કિંગ, શહેરમાં વન–વે રસ્તાઓ વધારવા બાબતે , ભારે વાહનો માટે ચોકકસ સમય માટે શહેરમાં પ્રતિબંધ વિગેરે બાબતોમાં વિવિધ રચનાત્મક સુચનો કરવામાં આવ્યા હતા અને આગામી દિવસોમાં તેનો અમલ કરવાનું નકકી કરવામાં આવ્યું છે.

ખાસ કરીને એન્ફોરસમેન્ટ ટ્રાફીક એજયુકેશન અને ટ્રાફીક એન્જીન્યરીંગના મુદ્દાઓ ઉપર વધુ ભાર મુકવામાં આવ્યો હતો.

ટ્રાફીક સમસ્યાનું કાયમી નિરાકરણ આવે અને આ પ્રક્રિયા અવિરત કાર્યરત રહે, વિવિધ વિભાગોનું કાયમી સંકલન રહે તે માટે દર માસે એક વખત ઝોન કક્ષાએ વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ તથા જનપ્રતિનિધિ ધ્વારા એક બેઠક યોજાય અને સમસ્યાની સમીક્ષા થાય અને નિરાકરણ માટે સંનિષ્ઠ પ્રયત્નો થાય એ માટેના માળખાની રચના કરવામાં આવશે.

જનજાગૃતિ અભિયાન ધ્વારા વાહનચાલકો, શાળાના વિદ્યાર્થીઓમાં ટ્રાફીક અવરનેસ આવે તે માટે પ્રચાર–પ્રસાર–સેમિનારનું સમયાંતરે ગઠન થાય તે અંગે પણ આયોજન હાથ ધરવામાં આવશે.

TOP

## સેન્ટ્રલ ઝોનનાં ગેરકાયદેસર બાંધકામ તોડી દુર કરવા બાબત :–

વોર્ડ નં.૨, નોંધ નં.૫૯૮ વાળી નવસારી બજાર, ભંડારીવાડમાં આવેલ મિલ્કતમાં સે.ઝોન/આ/નં.૨૯૦, તા.૦૬/૦૫/૧૨ થી આપવામાં આવેલ વિકાસ પરવાનગી વિરુધ્ધ મિલ્કતદાર શ્રી અશોકકુમાર જયંતિલાલ કડીયા ધ્વારા વધારાનાં ચોથા માળનું બાંધકામ કરતાં અત્રેથી અગાઉ તા.૧૦/૦૭/૧૩ના રોજ એન્ટ્રી નોટીસ આપી ચોથા માળનું આશરે ૯૦૦ ચો.ફુટ બાંધકામ તોડી દુર કરવામાં આવેલ. મિલ્કતદાર ધ્વારા ફરીથી ચોથા અને પાંચમાં માળે આશરે ૧૦૮૦ ચો.ફુટ માપ વિસ્તારનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ હોવાનું જણાતા અત્રેથી તા.૨૧/૧૨/૧૩ના રોજ મજકુર આર.સી.સી., સ્લેબ, બીમ, કોલમ સહિતનું ગેરકાયદેસર બાંધકામ તોડી દુર કરવામાં આવેલ છે.

વોર્ડ નં.૮, નોંધ નં.૧૧૫૯,૧૧૬૨ વાળી ગોપીપુરા, સ્ટાર સોડા સામે આવેલ મિલ્કતનાં મિલ્કતદાર શ્રી હનીરૂ વ્હોરા ધ્વારા વધારાનાં ચોથા માળનું બાંધકામ કરતાં અત્રેથી અગાઉ એપ્રિલ ૨૦૧૩માં એન્ટ્રી નોટીસ આપી ચોથા માળનું બાંધકામ અત્રેથી તોડી દુર કરવામાં આવેલ. મિલ્કતદાર ધ્વારા ફરીથી મજકુર ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ હોવાનું જણાતા અત્રેથી તા.૨૧/૧૨/૧૩ના રોજ મજકુર આર.સી.સી., સ્લેબ, બીમ, કોલમ સહિતનું આશરે ૧૩૦૦ ચો.ફુટ ગેરકાયદેસર બાંધકામ તોડી દુર કરવામાં આવેલ છે.

વોર્ડ નં.૧૧, નોંધ નં.૧૨૫/અ–બ વાળી નાણાવટ, મેઈન રોડ ખાતે આવેલ મિલ્કતમાં મિલ્કતદાર શ્રી મન્શુરી ઈકબાલ ધાનાણી ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ વધારાનાં પાંચમાં માળનું બાંધકામ કરતાં અત્રેથી તા.૨૧/૧૨/૧૩ના રોજ મજકુર આર.સી.સી., સ્લેબ, બીમ, કોલમ સહિતનું આશરે ૫૫૦ ચો.ફુટ ગેરકાયદેસર બાંધકામ તોડી દુર કરવામાં આવેલ છે.

વોર્ડ નં.૭, નોંધ નં.૨૦૯૭ વાળી રામપુરા, લાલમીંયા મસ્જીદ રોડ ખાતે આવેલ મિલ્કતનાં મિલ્કતદાર શ્રી અબ્દુલ રહીમ જી. કાગઝી અને બીજાઓ ધ્વારા પરવાનગી વગર પાંચમાં માળનું કરેલ બાંધકામ અત્રેથી તા.૨૧/૧૨/૧૩ના રોજ આર.સી.સી., સ્લેબ, બીમ, કોલમ સહિતનું આશરે ૪૫૦ ચો.ફુટ ગેરકાયદેસર બાંધકામ તોડી દુર કરવામાં આવેલ છે.

ઉપરોકત ગેરકાયદેસર બાંધકામો ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ તોડી દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

TOP

## પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલની સાથે વૈવિધ્ય સભર સાંસ્કૃતિક કાર્યક્રમ :–

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૪/૧૨/૨૦૧૩ થી તા.૩૧/૧૨/૨૦૧૩ દરમ્યાન દરરોજ રાત્રે ૭.૦૦ થી રાત્રે ૯.૩૦ કલાક દરમ્યાન પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલની સાથે શાળા–સંસ્થાઓનો વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કૃષ્ણકુંજ મ્યુનિસિપલ પાર્ટીપ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ પોંક / વિન્ટર ફુડ ફેસ્ટીવલમાં વિવિધ વાનગીઓના સથવારે વૈવિધ્ય સભર સાંસ્કૃતિક કાર્યક્રમોને માણવા શહેરની ઉત્સવપ્રિય જનતાને હાર્દિક નિમંત્રણ છે.

### :: સાંસ્કૃતિક કાર્યક્રમો ::

| ક્રમ | તારીખ/વાર | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧ | ૨૪/૧૨/૧૩ મંગળવાર | કરાઉકે આધારિત સંગીત કાર્યક્રમ |
| ૨ | ૨૫/૧૨/૧૩ બુધવાર | શ્રી ભ.લ.જરીવાળા અંબાબા પ્રાથમિક શાળા અને શિવ રંજની ડાન્સ એકેડેમી સંસ્થાઓનો રંગારંગ કાર્યક્રમ |
| ૩ | ૨૬/૧૨/૧૩ ગુરૂવાર | શ્રી ભ.લ.જરીવાળા અંબાબા ગુજરાતી માધ્યમ શાળાનો રંગારંગ કાર્યક્રમ તથા ક્રિએટીવ ઈવેન્ટ મેનેજમેન્ટ દ્વારા ફન ગેમ્સ |
| ૪ | ૨૭/૧૨/૧૩ શુક્રવાર | ગુજરાતી અને હિન્દી ફિલ્મી ગીતો પર આધારિત સંગીત સંધ્યા |
| ૫ | ૨૮/૧૨/૧૩ શનિવાર | સર્જનશ્રી સંસ્થાનો રંગારંગ કાર્યક્રમ |
| ૬ | ૨૯/૧૨/૧૩ રવિવાર | સરગમ ડાન્સ એકેડેમી સંસ્થાનો રંગારંગ કાર્યક્રમ |
| ૭ | ૩૦/૧૨/૧૩ સોમવાર | ક્રિએટીવ ઈવેન્ટ મેનેજમેન્ટ દ્વારા અંતાક્ષરી કાર્યક્રમ |
| ૮ | ૩૧/૧૨/૧૩ મંગળવાર | એચ.વી.સ્વામિનારાયણ વિદ્યાલયનો રંગારંગ કાર્યક્રમ તથા ક્રિએટીવ ઈવેન્ટ મેનેજમેન્ટ દ્વારા મ્યુઝીકલ હાઉઝી |

નોંધ :– તા.૨૪/૧૨/૨૦૧૩ થી તા.૩૧/૧૨/૨૦૧૩ દરમ્યાન પોંક ફેસ્ટીવલમાં પધારનાર નગરજનોના બાળકો માટે ફ્રી જંમ્પીગ ગેઈમની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

TOP

## નોર્થઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૩/૧૨/૨૦૧૩ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાના સુચના મુજબ, જુની.ઈજનેરો, શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગના સ્ટાફને સાથે રાખીને કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી.સ્કીમ નં.૧૮ (કતારગામ) માં રે.સ.નં.૪૭૫, ફા.પ્લોટ નં.૨૮ માં આવેલ હરીઓમ સોસાયટીના સબ પ્લોટ નં.૬૮, ૬૯, ૭૦ માં મિલ્કતદાર ધ્વારા ગ્રા.ફલોરનો સ્લેબ ભરવા અર્થે શરૂ કરેલ આશરે ૪૦' × ૪૫' મા વિસ્તારમાં કરેલ સેન્ટરીંગ કામ તેમજ સ્ટીલ બાંધણીનું બિનઅધિકૃત બાંધકામ દુર કરવામાં આવેલ છે અને મિલ્કતદાર પાસેથી રૂા.૧૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

TOP

## પૂર્વ (વરાછા)ઝોનમાં બરોડા પ્રિસ્ટેજ વિસ્તારમાં અનઅધિકૃત દબાણ હટાવ ઝુંબેશ :–

સુરત શહેર હદ વિસ્તારમાં પૂર્વ(વરાછા)ઝોન ખાતે આવેલ ટી.પી. સ્કીમ નં.૧૭(ફુલપાડા)ના વરાછા મેઈન રોડને અડીને આવેલ બરોડા પ્રિસ્ટેજના મુખ્ય રોડથી લઈ આંતરિક વિસ્તારના ટી.પી. તેમજ જાહેર રસ્તાઓ પર વર્ષોથી પાથરણાવાળા, બાંકડાવાળા, ઓટલા બનાવી મિલકતદારો દ્વારા ગેરકાયદેસર રસ્તાના ભાગે પ્રોજેકશન કાઢી, ફેબ્રીકેટેડ સ્ટ્રકચર બાંધી દબાણ ઉભુ કરી રાહદરીઓ તથા વાહન ચાલકોને નડરતરૂપ થતાં હતાં. આ વિસ્તારના રહીશો, જાહેર જનતા તથા સ્થાનીક મ્યુ. સભ્યશ્રીઓ તરફેથી દબાણ તથા ટ્રાફીક નડતરની સમસ્યાઓ અંગે અત્રેની ઝોન કચેરીએ પુષ્કળ પ્રમાણમાં લેખિત/મૌખિકમાં તથા ટેલીફોનીક ફરીયાદો થતી રહે છે. જો કે સદર વિસ્તારમાં વારંવાર દબાણ હટાવવાની ઝુંબેશ કરવામાં આવતી હતી. આજરોજ વરાછા ઝોનના સ્ટાફ સાથે ડે.કમિશનરશ્રી(સ્પે.)ના સીધા માર્ગદર્શન હેઠળ કાર્યપાલક ઈજનેરશ્રીની આગેવાનીમાં સદર દબાણો હટાવવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. જે અંતર્ગત વરાછા મેઈન રોડથી આંતરીક, જાહેર રસ્તાઓ પરના બાંકડાવાળા તથા મિલકતદારો દ્વારા ગેરકાયદેસર રીતે મિલકતની બહાર કાઢેલ પ્રોજેકશન, બેનરો, ઓટલા, પાથરણાઓ વિગેરે ના દબાણો દુર કરી જાહેર રસ્તો રાહદારીઓ માટે ખુલ્લો કરવામાં આવેલ છે. સ્થળ પર પ્રચાર ગાડી ફેરવી દબાણકર્તા મિલકતદારોને દબાણ ન કરવા અંગે તાકીદ કરવામાં આવી રહી છે. જો કે આજરોજ સ્થળ પર મિલકતદારો / દબાણકર્તાઓને સમય–તક આપી સામાન જપ્ત કરવામાં આવેલ નથી. પરંતુ સુરત મહાનગરપાલિકા દ્વારા આ વિસ્તારમાં દબાણ હટાવ ઝુંબેશના ભાગરૂપે આગામી દિવસોમાં કડક હાથે કાર્યવાહી કરવામાં આવનાર છે. તથા જે તે વખતે સ્થળ પરનો સામાન પણ જપ્ત કરી દંડકીય કાર્યવાહી કરી મિલકતદારો/ દબાણકર્તાઓ સામે પોલીસ કાર્યવાહી જેવા ગંભીર પગલાઓ પણ લેવામાં આવશે.

TOP

## સુરત મહાનગર પાલિકાના સેન્ટ્રલ ઝોનના કાર્યક્ષેત્ર વિસ્તારમાં થયેલ વિવિધ ગેરકાયદેસર બાંધકામો અંગે આર્કિ./એન્જી.ને બજાવવામાં આવેલ કારણદર્શક નોટીસ બાબત :–

સુરત મહાનગર પાલિકાના સેન્ટ્રલ ઝોનના કાર્યક્ષેત્ર વિસ્તારમાં થયેલ વિવિધ ગેરકાયદેસર બાંધકામોમાં જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન્સ ની જોગવાઈ ૯.૩.૨(સી)ની જોગવાઈ મુજબ મંજુર પ્લાન મુજબ બાંધકામ કરવા/કરાવવાની જવાબદારી પ્લાન મંજૂર કરાવનારા સંબધિત આર્કિ./એન્જી. ની ફરજમાં આવે છે. વિવિધ કિસ્સાઓમાં તેઓ તરફથી પ્લાન મંજુર કરાવી સુપરવીઝન સર્ટીફીકેટ રજુ કરવામાં આવેલ હોવા છતાં, તેઓ તરફથી મજકુર બાંધકામોની સુરત મહાનગરપાલિકાને તબકકાવાર જાણ કરવામાં આવેલ નથી તેમજ મંજુર પ્લાન કરતાં વિરૂધ્ધ પ્રકારના વધારાના બાંધકામ માટે પણ કોઈ લેખિત જાણ કરવામાં આવેલ નથી. આમ તેઓ રજીસ્ટર્ડ આર્કિ / એન્જીનીયર / સુપરવાઈઝર તરીકેની ફરજ અદા કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું જણાવી તેઓનું લાયસન્સ રદ કેમ ન કરવું? તે અંગે તેઓનો લેખિત ખુલાસો માંગતી કારણ દર્શક નોટીસ નીચે જણાવેલ કુલ ૧૧ (અગિયાર) આર્કિ. / એન્જી.ને બજાવવામાં આવેલ છે.

આર્કિ./ એન્જી. (૧) શ્રી મનોજ આર. દીક્ષીત
(૨) શ્રી હરેકૃિષ્ણ એ. વખારીયા
(૩) શ્રી એમ. જી ગજીવાલા
(૪) શ્રી હેમંત આર. પટેલ
(૫) શ્રી ચેતન પી. કાંચીવાલા
(૬) શ્રી ગીરીશ એ આરીવાલા
(૭) શ્રી નરેદ્ર એમ. કાપડિયા
(૮) શ્રી દિપક એમ. હરસોરા
(૯) શ્રી અહમદ અમલા
(૧૦) શ્રી રશ્મીકાંત પી. દલવાડી
(૧૧) શ્રી રાજીવ એસ. દીવાનજી

TOP

## ખેલ મહાકુંભ–૨૦૧૩

## ફાઈનલ સ્પર્ધામાં સમગ્ર રાજયમાં સુરતએ મેળવેલ ચેમ્પીયનશીપ :–

સ્પોર્ટસ્ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા સમગ્ર રાજયમાં ''ખેલ મહાકુંભ ૨૦૧૩'' અંતર્ગત તા.૨૩/૧૧/૨૦૧૩ થી તા.૨૩/૧૨/૨૦૧૩ દરમ્યાન શાળા કક્ષા, ગ્રામ્ય કક્ષા ઝોન કક્ષા, શહેર કક્ષા, જિલ્લા કક્ષા સેમી ફાઈનલ અને ફાઈનલની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ખેલ મહાકુંભ–૨૦૧૩ની ફાઈનલ સ્પર્ધાઓ અમદાવાદ અને ગાંધીનગર ખાતે તા.૨૨/૧૨/૨૦૧૩ થી તા.૨૩/૧૨/૨૦૧૩ દરમ્યાન યોજાયી હતી. જેમાં વિવિધ ગૃપમાં અન્ડર–૧૨ વર્ષ વયગૃપમાં બહેનોના વિભાગમાં ચેમ્પીયન શીપ મેળવી, અન્ડર–૧૨ વર્ષ વયગૃપમાં ભાઈઓના વિભાગમાં પણ ચેમ્પીયન શીપ મેળવી સમગ્ર રાજયમાં પ્રથમ ક્રમ મેળવી ચેમ્પીયન બન્યા હતા. અન્ડર–૧૬ વયગૃપમાં બહેનોના વિભાગમાં રનર્સઅપ બન્યા હતા. આમ સમગ્ર ગુજરાતમાં જનરલ ચેમ્પીયનશીપ સુરત શહેરે મેળવી, ગુજરાત રાજય તથા દેશમાં ગૌરવ અપાવેલ છે. ફાઈનલ સ્પર્ધામાં ૯૦ ગોલ્ડ મેડલ, ૩૬ સીલ્વર મેડલ અને ૪૯ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. જયારે ગ્રામ્ય કક્ષાની ફાઈનલમાં સુરત ગ્રામ્યએ ૩ ગોલ્ડ, ૧૧ સીલ્વર અને ૧૨ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. ગત વર્ષ પણ ખેલ મહાકુંભની ફાઈનલ સ્પર્ધામાં ૭૮ ગોલ્ડ મેડલ, ૪૭ સીલ્વર મેડલ અને ૩૧ બ્રોન્ઝ મેડલ સાથે સુરત શહેર પ્રથમ ક્રમે રહ્યું હતું.

મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, મ્યુનિ.કમિશનરશ્રી એમ.કે.દાસ, કલેકટરશ્રી જયપ્રકાશ શિવહરે, ડે.મ્યુનિ.કમિશનર (સ્પે.) શ્રી પી.જે.ઝાલા અને જિલ્લા રમતગમત અધિકારીશ્રી વિરેન્દ્ર પટેલએ સુરતને ગૌરવ અપાવનાર તમામ વિજેતા ખેલાડીઓ તેમના કોચ વગેરેને શુભેચ્છા પાઠવી હતી.

TOP

## નોર્થ ઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં તા.૨૪/૧૨/૨૦૧૩ ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાના સુચના મુજબ, જુની.ઈજનેરો, શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગના સ્ટાફને સાથે રાખીને કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી.સ્કીમ નં.૫૧ (ડભોલી) માં બાલાજીનગર વિભાગ–૧ ના સબ પ્લોટ નં.૧૩૦, ૧૩૧ માં મિલ્કતદાર ધ્વારા ગ્રા.ફલોર + ચાર માળના હયાત બાંધકામની ઉપર સ્લેબ ભરવા અર્થે શરૂ કરેલ આશરે ૮૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરેલ સેન્ટરીંગ કામવાળુ બિનઅધિકૃત બાંધકામ દુર કરવામાં આવેલ છે અને મિલ્કતદાર પાસેથી રૂા.૫,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

(૨) ટી.પી.સ્કીમ નં.૫૧ (ડભોલી) માં અખંડઆનંદ સોસાયટીમાં સબ પ્લોટ નં.૧૯૦ વિગેરેમાં મિલ્કતદાર ધ્વારા પાંચમા માળે સ્લેબ ભરવા અર્થે શરૂ કરેલ આશરે ૨૧૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરેલ સેન્ટરીંગ કામવાળુ બિનઅધિકૃત બાંધકામ તેમજ આર.સી.સી. કોલમોનું બાંધકામ દુર કરવામાં આવેલ છે અને મિલ્કતદાર પાસેથી રૂા.૫,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

(૩) ટી.પી.સ્કીમ નં.૧૯ (કતારગામ) માં સરિતા દર્શન સોસાયટીના સબ પ્લોટ નં.૧૭માં ટી.પી. રસ્તાને લાગુ માર્જીનવાળી જગ્યામાં મિલ્કતદાર ધ્વારા ગ્રા.ફલોર લેવલે કરેલ આર.સી.સી.કોલમ તથા ચણતર સહિતનું આશરે ૪૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરેલ બિનઅધિકૃત બાંધકામ દુર કરી માર્જીન ખુલ્લું કરવામાં આવેલ છે.

TOP

## નોર્થ ઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં તા.૨૪/૧૨/૨૦૧૩ ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાના સુચના મુજબ, જુની.ઈજનેરો, શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગના સ્ટાફને સાથે રાખીને કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી.સ્કીમ નં.૩ (કતારગામ) માં ફા.પ્લોટ નં.૪૪૨, ૪૪૩ પૈકી સબ પ્લોટ નં.૨૯,૩૦ જયોતિ સોસાયટી, કતારગામ રોડમાં મિલ્કતદાર ધ્વારા ગ્રા.ફલોરનો સ્લેબ ભરવા અર્થે શરૂ કરેલ આશરે ૫૭'×૪૬' મા વિસ્તારમાં કરેલ કુલ ૨૬૨૨ ચો.ફુટ માપ વિસ્તારમાં કરેલ સેન્ટરીંગ કામવાળુ બિનઅધિકૃત બાંધકામ દુર કરવામાં આવેલ છે અને મિલ્કતદાર પાસેથી રૂા.૧૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

TOP

## પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલનું આયોજન :–



સુરત મહાનગરપાલિકા ધ્વારા અઠવા ઝોનમાં કૃષ્ણકુંજ(અઠવા) મ્યુ. પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ ખાતે તા. ૨૪–૧૨–૨૦૧૩ થી તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધી પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવેલ

તા. ૨૪/૧૨/૨૦૧૩ના રોજ સાંજે ૭.૦૦ કલાકે સમારંભના અધ્યક્ષશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા (મા.મેયરશ્રી) તથા ઉદઘાટકશ્રી કિશોરભાઈ બિન્દલ (મા.અધ્યક્ષશ્રી, આરોગ્ય સમિતિ) અને કુ. સ્વાતિબેન સોસા (મા.અધ્યક્ષાશ્રી, સમાજકલ્યાણ, આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ)ના વરદહસ્તે આ પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે મા. સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, મા.ડે. મેયરશ્રી દયાશંકરસિંહ, મા.અધ્યક્ષશ્રી, સ્થાયીસમિતિ શ્રી રાજેશભાઈ દેસાઈ તથા મા.નેતાશ્રી,શાસક પક્ષ શ્રી રમેશભાઈ કે. લાઠિયા (આર.કે.), વોર્ડ સદસ્યશ્રીઓ તથા નગરજનો ઉપસ્થિત રહયા હતા. પોંક ફેસ્ટીવલ દરમ્યાન નીચે જણાવેલ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

### કાર્યક્રમની વિગત

| ક્રમ | તારીખ/વાર | કાર્યક્રમની વિગત | સમય |
|---|---|---|---|
| ૧ | ૨૪/૧૨/૧૩ મંગળવાર | સાંસ્કૃતિક કાર્યક્રમ | સાંજે ૭.૦૦ કલાકે |
| ૨ | ૨૫/૧૨/૧૩ બુધવાર | શ્રી ભ.લ.જરીવાળા અંબાબા પ્રાથમિક શાળા અને શિવ રંજની ડાન્સ એકેડેમી સંસ્થાઓનો રંગારંગ કાર્યક્રમ | " |
| ૩ | ૨૬/૧૨/૧૩ ગુરૂવાર | શ્રી ભ.લ.જરીવાળા અંબાબા ગુજરાતી માધ્યમ શાળાનો રંગારંગ કાર્યક્રમ તથા ક્રિએટીવ ઈવેન્ટ મેનેજમેન્ટ દ્વારા ફન ગેમ્સ | " |
| ૪ | ૨૭/૧૨/૧૩ શુક્રવાર | ગુજરાતી અને હિન્દી ફિલ્મી ગીતો પર આધારિત સંગીત સંધ્યા | " |
| ૫ | ૨૮/૧૨/૧૩ શનિવાર | સર્જનશ્રી સંસ્થાનો રંગારંગ કાર્યક્રમ | " |
| ૬ | ૨૯/૧૨/૧૩ રવિવાર | સરગમ ડાન્સ એકેડેમી સંસ્થાનો રંગારંગ કાર્યક્રમ | " |
| ૭ | ૩૦/૧૨/૧૩ સોમવાર | ક્રિએટીવ ઈવેન્ટ મેનેજમેન્ટ દ્વારા અંતાક્ષરી કાર્યક્રમ | " |
| ૮ | ૩૧/૧૨/૧૩ મંગળવાર | એચ.વી.સ્વામિનારાયણ વિદ્યાલયનો રંગારંગ કાર્યક્રમ તથા ક્રિએટીવ ઈવેન્ટ મેનેજમેન્ટ દ્વારા મ્યુઝીકલ હાઉઝી | " |

સાંસ્કૃતિક કાર્યક્રમ કલરવ સંસ્થા સંચાલિત અંધન્ન શાળાના કલાકારો દ્વારા સંગીત કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.

આ પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલમાં અંદાજે ૫ર સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પોંક ઉપરાંત સુરતી, સાઉથ ઈન્ડિયન, કાઠીયાવાડી, ચાઈનીઝ તેમજ સુરતી વિવિધ વાનગીઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મા. મેયરશ્રી, નિરંજનભાઈ ઝાંઝમેરા, મા. સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, ધારાસભ્ય પૂર્ણેશભાઈ મોદી ડે.મેયરશ્રી દયાશંકરસિંહ સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનશ્રી રાજેશભાઈ દેસાઈ તથા મહાનુંભવોએ વિવિધ વાનગીઓ તથા પોંકવડાનો રસા સ્વાદ માણ્યો હતો.

આ ફેસ્ટીવલ તા. ૨૪–૧૨–૨૦૧૩ થી તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધી સાંજે ૬.૦૦ કલાકથી રાત્રે ૧૧.૦૦ કલાક દરમ્યાન જાહેર જનતા માટે ખુલ્લો રાખવામાં આવશે. જનજાગૃતિ અર્થે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ તથા પબ્લીક હેલ્થ લેબોરેટરીનાં ધ્વારા જાહેર જનતાની માર્ગદર્શન અંગે પણ સ્ટોલ પરથી સમજ આપવામાં આવશે. પોંક ફેસ્ટીવલમાં પધારનાર નગરજનોના બાળકો માટે ફ્રી જંમ્પીંગ ગેઈમની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

આ પ્રસંગે મહાનુભાવો, મ્યુ. સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, ચેનલોના પ્રતિનિધિઓ ફોટોગ્રાફરો તેમજ જાહેર જનતાએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## નોર્થ ઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં તા.૨૬/૧૨/૨૦૧૩ ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાના સુચના મુજબ, ડે.ઈજનેર તથા જુની.ઈજનેર શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગના સ્ટાફને સાથે રાખીને કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી.સ્કીમ નં.૨૫ (સીંગણપોર–ટુંકી) માં ફા.પ્લોટ નં.૭૨, રે.સ.નં.૩૯માં આવેલ સત્યમ સોસાયટી જે સુડાના ડીપી પ્લાનમાં દર્શાવ્યા મુજબ પ્લોટ નં. પી–૫૦ ના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાનના રીઝર્વેશન હેઠળની જગ્યામાં આવતી હોય, સદર સોસાયટીના સબ પ્લોટ નં.૮૧ થી ૮૪ માં મિલ્કતદાર ધ્વારા આશરે ૧૭.૩૦ × ૯.૨૦ ચો.મી. માપ વિસ્તારમાં ગ્રા.ફ્લોર સ્લેબ સહિતનું બાંધકામ શરૂ કરેલ. જે બાંધકામ અત્રેથી વારંવાર બંધ કરાવવા છતાં મિલ્કતદાર ધ્વારા ચાલુ રાખતા તા.૨૬/૧૨/૨૦૧૩ ના રોજ આશરે ૧૨૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબ તથા દિવાલ સહિતનું બાંધકામ દુર કરવામાં આવેલ છે અને મિલ્કતદાર પાસેથી રૂા.૧૫,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

TOP

## સાઉથ વેસ્ટ (અઠવા)ઝોનની ડીમોલીશનની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં આજરોજ નીચે મુજબની ડીમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૧) મોજે. મજુરાના રે.સ.નં.૧૬૦ પૈકી ટી.પી.૨૭(ભટાર–મજુરા) ફા.પ્લોટ નં.૭૭/એ માં આવેલ અંબિકા ઈન્ડ. સોસાયટીના સબ પ્લોટ નં.૭૯/ક વાળી ગ્રાઉન્ડ ફ્લોર + પહેલા માળની હયાત મિલકતમાં મિલકતદાર ધ્વારા બીજા માળનું આશરે ૭૮૫.૦૦ ચો.ફુટ આર.સી.સી. બીમ, કોલમ, દીવાલ તેમજ સ્લેબ / પતરા સહિતનું બાંધકામ કરતાં અત્રેથી મનાઈ હુકમ તેમજ કારણદર્શક નોટીસ આપી કાયદેસરની કાર્યવાહી કરી તા.૧૮/૦૭/૧૩ ના રોજ દુર કરવાની કામગીરી દરમ્યાન મિલકતદારે તેઓ જાતે બાકીનું ગેરકાયદેસરનું બાંધકામ દુર કરી દેશે તેમ બાંહેધરી આપેલ. જેનો અમલ ન કરી મિલકતદારે સદરહું મિલકતની સરકારશ્રીના ઈમ્પેકટના કાયદા હેઠળ સદરહું મિલકત નિયમબધ્ધ કરાવવા અરજી કરેલ જે નામંજુર કરી આજરોજ આશરે ૭૫૦.૦૦ ચો.ફુટનું બીજા માળનું બાંધકામ દુર કરવામાં આવેલ છે.

(૨) મોજે. મજુરા રે.સ.નં.૧૬૧ પૈકીમાં આવેલ અંબિકા ઈન્ડ. સોસાયટીના સબ પ્લોટ નં.૨૮૪માં મિલકતદારશ્રી ધ્વારા હયાત ગ્રા.ફ્લોર + એક માળની મિલકતમાં સુરત મહાનગરપાલિકાની મંજુરી મેળવ્યા સિવાય બીજા માળે આર.સી.સી.બીમ, કોલમ, સ્લેબ તેમજ ચણતરની દીવાલો સહિતનું કરેલ આશરે ૬૫૦.૦૦ ચો.ફુટનું બાંધકામ આજરોજ તા.૨૬/૧૨/૧૩ ના રોજ અત્રેથી દુર કરવામાં આવેલ છે. વધુમાં સદરહું કામગીરી અંગે રૂા.૧૦,૦૦૦/– ડીમોલિશન ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ડેપ્યુટી કમિશ્નરશ્રીની સુચનાથી કાર્યપાલક ઈજનેરશ્રી સીધી દેખરેખ હેઠળ અત્રેના ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ વિભાગ તેમજ સીકયોરીટી સ્ટાફ ધ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે.

TOP